સુવિચાર : હૃદયની જાગૃતિ વિના પ્રેમ પ્રગટે નહીં અને પ્રેમ પ્રગટે નહિં તો પ્રસન્નતા ઉદ્‌ભવે નહીં - બર્નાર્ડ શો


તાપમાન
મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૩૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૯ | ૨૦ જાન્યુઆરી, ૨૦૧૬, બુધવાર ; પોષ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- છોટા રાજનની પુછપરછ કરવા CBIને લીલીઝંડી
- રાજન સામે મહારાષ્ટ્રમાં ૭૦થી વધારે કેસ નોંધાયા
- મોદી અને પારીકરની હત્યા કરવા ધમકી મળતા ચકચાર
- ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે કેનબેરામાં ખુબ રોમાંચક વનડે
- ઓસ્ટ્રેલિયન ઓપનમાં રાફેલ નડાલ હારી જતાં ભારે નિરાશા
- દલિત વિદ્યાર્થીની આત્મહત્યા મુદ્દે હિંસક વિરોધ પ્રદર્શન જારી
- રાહુલની બુંદેલખંડ યાત્રા અંતે મુલતવી કરી દેવાઈ
- સેંસેક્સ ૨૯૧ પોઇન્ટ રિકવર થઇ બંધ રહ્યો
- હિન્દુસ્તાન ઝીંકમાં હિસ્સો ન વેચવા સરકારનો સુપ્રીમનો આદેશ

# મસૂદ સામે પાકિસ્તાને કોઇ પગલા લીધા જ નથી

**ત્રાસવાદીઓની સામે કાર્યવાહીના મામલે ભારત સહિતના દેશોની આખમાં ધૂળ નાંખવા પાકિસ્તાન ફરીવાર સફળ રહ્યું છે : ઇન્ટેલીજન્સ સૂત્રોનો દાવો : મસૂદ અઝહરની અટકાયત કરાઈ હોવાને લઇને પણ શંકા**



નવી દિલ્હી,તા.૧૯

પઠાણકોટમાં એરફોર્સ બેઝ પર કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં માસ્ટરમાઈન્ડ રહેવા જેશે મોહમ્મદના સ્થાપક મૌલાના મસુદ અઝહર અને જેશના લીડરો સામે પાકિસ્તાને કોઈ પગલા લીધા નથી. પાકિસ્તાન ફરી એકવાર તીવ્ર દબાણ હોવા છતાં વૈશ્વિક સમુદાયની આંખમાં ધુળ નાંખવામાં સફળ રહ્યુ છે. ઈન્ટેલિજન્સ અહેવાલથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પર પાકિસ્તાન સાથે વિદેશ સચિવ સ્તરની મંત્રણા યોજવાને લઈને દબાણ વધી ગયુ છે. ઈન્ટેલિજન્સ સંસ્થામાં રહેલા સુત્રોએ કહ્યુ છે કે પાકિસ્તાની મિડિયામાં કરવામાં આવેલા દાવાની બિલકુલ વિરુદ્ધમાં મૌલાના મસુદની અટકાયત કરવામાં આવી નથી. પઠાણકોટ હુમલામાં જેશની સીધી સંડોવણી રહી છે. છતાં તેની સામે પાકિસ્તાન દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નથી. આ હુમલા મામલે કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યુ છે કે હુમલા માટેનુ કાવતરુ પાકિસ્તાનમાં જ ઘડી કાઢવામાં

● અનુસંધાન પાન-૭ પર

# સલવિન્દર પર અંતે પોલિગ્રાફ ટેસ્ટ કરાયા

**સલવિન્દર રાત્રે પેમેન્ટ લેવા ગયો હોવાની શંકા : પઠાણકોટ હુમલા મામલામાં સલવિન્દરની વધુ તપાસ જારી : તપાસમાં સહકાર ન કરવાનો પણ થયેલો આક્ષેપ**



નવીદિલ્હી,તા. ૧૯

પઠાણકોટ ત્રાસવાદી હુમલાના મામલામાં ઉંડી તપાસ કરવામાં આવી રહી છે જેના ભાગરુપે કેટલીક નવી વિગતો સપાટી ઉપર આવી છે. કોર્ટની મંજુરી બાદ આજે પંજાબ પોલીસના એસપી સલવિન્દર ઉપર પોલિગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પોલિગ્રાફિક ટેસ્ટમાં કેટલીક બાબત સપાટી ઉપર આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સલવિન્દરના એમ્સમાં બ્રેઈન મેપિંગ ટેસ્ટ પણ કરવામાં આવી શકે છે. પઠાણકોટ ત્રાસવાદી હુમલા મામલામાં આતંકવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવેલા પંજાબ પોલીસના એસપી સલવિન્દરની કેટલીક બાબતો

● અનુસંધાન પાન-૭ પર

# આસામમાં નરેન્દ્ર મોદીએ પ્રચારનું રણશિંગૂ ફૂંક્યું

**કોકરાઝારમાં વિશાળ રેલીમાં વિકાસના મંત્ર પર આગળ વધવા ખાતરી : આસામમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તે પહેલા માહોલ સર્જવાના પ્રયાસો શરૂ**

નવી દિલ્હી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આસામમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે પાર્ટી તરફથી ચૂંટણી પ્રચારનુ રણશિંગુ ફુકી દીધુ હતુ. મોદીએ ભાજપના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરતા આસામ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે તેમની સરકાર એકમાત્ર વિકાસનો એજન્ડા ધરાવે છે. વિકાસના મંત્ર સાથે તેમની સરકાર આગળ વધવા માંગે છે. કોકરાઝારમાં વિશાળ રેલીને સંબોધતા મોદીએ કહ્યુ હતુ કે લોકોને વિકાસ સાથે જોડવા અને વિકાસને ગતિ આપવાના હેતુસર તેઓ તમામ લોકો સાથે ખભાથી ખભા મિલાવીને ચાલવા માટે અહી આવ્યા છે. મોટી સંખ્યામાં લોકો ભારે રોમાચક રેલીને લઈને દેખાયા હતા. મોદીએ ઉપસ્થિત લોકોને ખાતરી આપતા કહ્યુ હતુ કે તમામ લોકો તમામ લોકો તેમના દિલમાં રહે છે. તેમના હાથ પણ તમામ લોકો માટે ખુલ્લા છે. મોદીએ કહ્યું હતું કે, છેલ્લા ૧ર થી ૧૫ વર્ષથી આપવામાં આવી રહેલા વચનો પુરા થઈ રહ્યા નથી. સમય નિકળી રહ્યો છે. લોકોમાં હવે નારાજગી દેખાઈ રહી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને ટાર્ગેટ બનાવતા મોદીએ કહ્યું હતું કે, આ આશ્ચર્યની બાબત છે કે, આસામ માંગણીઓની લાંબી યાદી ધરાવે છે.

# દિકરાને જેલના સળીયા પાછળ જોઈ માતા-પિતાનુ અગ્નિસ્નાન..!

**એક તરફ નકલી નોટો છાપીને મોટી આદરજમાં વટાવવા જતા પકડાયેલો ૧૯ વર્ષનો દિકરો બે દિ'ના પોલીસ રિમાન્ડ પર, તો બીજી તરફ આઘાતમાં સરી પડી આપઘાત કરી લેનાર માતા-પિતાની અંતિમ વિધીઓ..! : રૂ. ૧૦૦ની ડુપ્લીકેટ ૯૧ ચલણી નોટો સાથે સાળો-બનેવી પકડાયા હતા**

ગાંધીનગર, તા. ૧૯

કેટલીકવાર મોજશોખ માટે તો ક્યારેક મજબુરીમાં ટીનએજર યુવાનો રૂપિયા કમાવવાના શોર્ટકટનો કોઈપણ રસ્તો પકડી લે છે..! કોઈ ચોરીના રવાડે તો કોઈ ચલણી નોટો છાપવાના રવાડે ચઢી જાય છે. જ્યારે કેટલાક દારૂ-જુગાર, સટ્ટા અને ચરસ-ગાંજાના વેચાણના રસ્તે ચઢી જાય છે. જેમાંથી પાછુ વળવુ મુશ્કેલ બને છે અને પરિવારે સમાજમાં ઉભી કરેલી આબરૂ પણ પળવારમાં લુંટાઈ જાય છે. જેનો આઘાત ક્યારેક પરિવારના સભ્યો (તેમાં પણ ખાસ માતા-પિતા) સહન કરી શકતા નથી. આવો જ એક કિસ્સો આજે પ્રકાશમાં આવ્યો છે.

મજબુરીના માર્યા ૧૯ વર્ષના

● અનુસંધાન પાન-૭ પર

## જાલી નોટો છાપવા પાછળ શું હતી યુવાનની મજબુરી...?

ધોરણ-૧૦ સુધી અભ્યાસ કર્યા બાદ ગૌરાંગ પંચાલ ધંધે લાગી ગયો હતો. પિતાની ચાલતી મોબાઈલની દુકાનમાં કામ કરીને પરિવારનું ગુજરાન પિતા-પુત્ર ચલાવતા હતા. પરંતુ દુકાનમાં પણ ધંધો ચાલતો ન હતો ને દેવુ વધવા લાગ્યુ હતુ. કંટાળીને દુકાન બંધ કરવી પડી..! પિતાને લકવાની અસર થતાં દવાઓ શરૂ કરવી પડી. તો બીજી તરફ ધો. ૭માં અભ્યાસ કરતાં નાનાભાઈ ઋતુ પંચાલનો અભ્યાસનો ખર્ચો..! આ બધુ તો ઠીક પરંતુ હાલ રહેતા મકાનનું ભાડુ પણ દર મહિને ચુકવવાનું..! લકવાગ્રસ્ત પિતા માટે દવા-દારૂ, મોબાઈલની દુકાનમાં થયેલા દેવાની રકમ પુરી કરવી, નાના ભાઈનો ભણવાનો ખર્ચ અને મકાનના ભાડા ઉપરાંત ઘર ચલાવવા માટે રૂપિયા ભેગા કરવાની જવાબદારી સીરે લઈને ફરતા ગૌરાંગને અતે નકલી નોટો છાપવાનો રસ્તો સુઝી ગયો અને માતા-પિતાને નોકરી કરતો હોવાનું કહી નકલી નોટો વટાવવા નીકળી જતો હતો. આખરે પકડાઈ ગયો ને દિકરો ગુનાની નગરીમાં ઘુસી ગયો હોવાનું જાણતા માતા-પિતાને લાગી આવ્યુ અને ઘરે જઈને પોતાના શરીરે કેરોશીન છાંટી દિવાસળી ચાંપી દઈને આપઘાત કરી લીધો..!

# ચાર્જશીટ બાદ સમાધાન કઈ રીતે થાય : હાર્દિક પટેલ

**સમાજના મોભીઓ જ સમાજને નુકસાન કરી રહ્યા છે રાજ્ય સરકાર નક્સલવાદ ફેલાવી રહી હોવા આક્ષેપ કર્યો**

અમદાવાદ, તા.૧૯

પાટીદાર સમુદાય માટે આંદોલન ચલાવીને ગુજરાત સરકારને હચમચાવી મુકનાર હાર્દિક પટેલે હવે ચાર્જશીટ દાખલ થયા બાદ વધુ એક કઠોર શબ્દ વાળો પત્ર લખ્યો છે. હાર્દિક પટેલે એક પત્ર લખતાની સાથે જણાવ્યું છે કે, સમાજના મોભીઓ જ સમાજને નુકસાન પહોંચાડી રહ્યા છે. હાર્દિકનો આ પત્ર એવા સમયે આવ્યો છે જ્યારે સરકાર સાથે સમાજના અગ્રણીઓ સમાધાન કરવાના પ્રયાસ કરી રહ્યા છે. પાટીદાર સમુદાયના નેતાઓને છોડીને સ્થિતિને હળવી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. હાર્દિકે કહ્યું છે કે, સમાજના મોભીઓ સરકાર સાથે સાંઠગાંઠ બનાવી રહ્યા છે. હાર્દિક પટેલે પત્ર લખીને ફરી એક વાર સરકારની ચિંતા વધારી દીધી છે. હાર્દિકે એમ પણ કહ્યું છે કે, સરકાર નક્સલવાદ પેદા કરી રહી છે.



બીજી બાજુ હાર્દિકે ઉઠાવેલા સવાલ સામે કેબિનેટ પ્રધાન નીતિન પટેલે જણાવ્યું છે કે, ચાર્જશીટ દાખલ કરવાની બાબત કાયદાકીય પ્રક્રિયા છે જેના ભાગરુપે ચાર્જશીટ દાખલ કરવી પડે છે. આનાથી સમાધાનના દ્વાર બંધ થતા નથી. સમાધાનના તમામ દ્વાર હજુ ખુલ્લા છે. ચાર્જશીટ પછી પણ કાનુનના માર્ગથી પ્રક્રિયા હાથ ધરી શકાય છે. હાર્દિકનું કહેવું છે કે, ચાર્જશીટ અને સમાધાન બંને એક સાથે ચાલી શકે નહીં. લાજપોર જેલની બહાર હાર્દિકે હાલમાં એમ પણ કહ્યુંહતુંકે, ચાર્જશીટ પછી સમાધાન કેવી રીતે થઈ શકે છે. સરકાર રાજ્યમાં નક્સલવાદને પ્રોત્સાહન આપી રહી છે.

# ભાજપના પ્રદેશ પ્રમુખની નિમણૂંક આજકાલમાં

અમદાવાદ, તા.૧૯

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ પદે આજે બપોર બાદ દિલ્હીમાં પક્ષની ઉચ્ચકક્ષાની યોજાનાર બેઠકમાં નિર્ણય લેવાશે એમ આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું. નિરીક્ષક તરીકે નિમાયેલ અર્જુનરામ મેઘવાલને પણ આ મહત્વની બેઠકમાં નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. દિલ્હીમાં નિર્ણય લેવાયા બાદ નિશ્ચિત થયેલ નામનો મેન્ડેટ લઈને મેઘવાલ અમદાવાદ આવશે. જ્યાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

પ્રદેશ ભાજપના પ્રમુખ પદ માટે છેલ્લા ૧૫ દિવસથી ચર્ચાતા નામોમાં મનસુખભાઈ માંડવીયા, શંકરભાઈ ચૌધરી, ભરતસિંહ પરમાર અને કૌશિક પટેલના નામો મોખરે રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મનસુખભાઈ માંડવીયા પટેલ સમાજના અગ્રણી છે અને આનંદીબેનના ચુસ્ત ટેકેદાર છે. જ્યારે શંકરભાઈ ચૌધરી અમિતભાઈ શાહના સમર્થક છે અને કેબીનેટમાં મહત્વની ભૂમિકા અદા કરે છે. ભરતસિંહ પરમાર સંગઠનમાં વર્ષોથી કાર્યરત હોવાથી કાર્યકરોમાં ખૂબ જ પરિચિત નામ છે. જ્યારે કૌશિકભાઈ પટેલનું નામ દર વખતે ચર્ચાય છે અને છેલ્લી ઘડીએ નિકળી જાય છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની પ્રદેશ પ્રમુખની નિમણૂંકમાં મોટી ભૂમિકા રહે તેમ માનવામાં આવે છે. આનંદીબેનના સમર્થક મનસુખ માંડવિયાની પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવે છે કે કેમ તેને લઈને ભારે ચર્ચા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ વચ્ચે પ્રમુખના નામ મુદ્દે મામલો અટવાયા પછી હવે આખરે આવતીકાલે પ્રદેશ પ્રમુખની વરણી થવાની શક્યતા છે. હાલ તો શંકર ચૌધરી અને મનસુખ માંડવિયા આ રેસમાં સૌથી આગળ છે. ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે પહેલા જ્ઞાતિ આધારિત પસંદગીમાં ભારે અટકળો ચાલ્યા પછી પ્રમુખપદ માટે આનંદીબેન અને અમિત શાહ વચ્ચે મતભેદોથી સર્જાયા હોવાથી પ્રક્રિયામાં વિલંબ થયો હતો.


